OFFICE OF THE DEAN
5 JUL 2013
459
Student

26-6-13

**રાજયની તબીબી કોલેજોમાં સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતા તથા નિવાસી તબીબી તરીકે નિમણુંક મેળવનાર ઉમેદવારો પાસેથી ગ્રામ્ય સેવાઓ બજાવવા અંગે લેવાના બોન્ડ બાબત**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૧૩/એસએફએસ-૫૪/ જ.
તા.૨૮/૦૬/૨૦૧૩

વંચાણે લીધા:

(૧) ભૂતપૂર્વ પંચાયત અને આરોગ્ય વિભાગનો તા. ૩૦/૫/૧૯૭૨નો ઠરાવક્રમાંક : એમસીજી/૧૨૭૨ /૩૬૩૪/એન.
(૨) આ.પ.ક. વિ.નો તા. ૧૧/૦૬ /૧૯૮૬ નો ઠરાવ ક્રમાંકઃ બીએનડી /૧૦૮૬ /૧૭૦૦/જ.
(૩) આ.પ.ક. વિ. નો તા.૨૩/૭/૧૯૯૩ નો ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૯૨/૫૧૧૧/જ.
(૪) આ.પ.ક. વિ. નો તા. ૧૮/૫/૨૦૦૭ના ઠરાવક્રમાંકઃ એમસીજી/૧૦૦૭/૧૪૧/જ.

આમુખ :

રાજયની સરકારી મેડીકલ કોલેજોની એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ સમયે વિભાગના તા. ૩૦/૫/૧૯૭૨ના ઠરાવ ક્રમાંકઃએમસીજી/૧૨૭૨/૩૬૩૪/એન થી એમ.બી.બી.એસ.નો અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ગુજરાત રાજયમાં ગ્રામ્ય વિસ્તારોમાં બે વર્ષની ગ્રામ્ય સેવાઓ બજાવવા સબબ રૂા. પાંચ હજારની બોન્ડ પ્રથા અમલમાં આવેલ. વર્ષ ૧૯૮૦થી આ બોન્ડની રકમ રૂા.દશ હજાર કરવામાં આવેલ. સરકારશ્રીના તા. ૧૧/૬/૧૯૮૬ના ઠરાવ ક્રમાંકઃબીએનડી/૧૦૮૬/૧૭૦૦/જ થી એમ.બી.બી.એસ.ના પ્રવેશ સમયે બે વર્ષની ગ્રામ્ય સેવાઓ બજાવવા સબબ રૂા. પચ્ચીસ હજારનું બોન્ડ ઠરાવવામાં આવેલ. સરકારશ્રી ના તા. ૨૭/૭/૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃએમસીજી/૧૦૯૨/૫૧૧૧/જ થી એમ.બી.બી.એસ.ના પ્રવેશ સમયે ત્રણ વર્ષની ગ્રામ્ય સેવાઓ (એક વર્ષની આદિવાસી વિસ્તારની સેવાઓ સહીત) બજાવવા બાબતે રૂા.પંચોતેર હજારનું બોન્ડ ઠરાવવામાં આવેલ. તેમજ, વિભાગના તા. ૧૮/૫/૨૦૦૭ના ઠરાવક્રમાંકઃ એમસીજી/૧૦૦૭/૧૪૧/જ થી બોન્ડની રકમ રૂા.એક લાખ પચાસ હજાર લેવાનું નકકી થયેલ છે.

સરકારી મેડીકલ કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓ પાસેથી નજીવી ફી લેવામાં આવે છે. તેઓને મફત હોસ્ટેલ ફેસિલિટી પુરી પાડવામાં આવે છે. તેમજ તેમને દર મહિને સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવે છે. ઉપરાંત સરકારનું તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર, સાધનો, યંત્રસામગ્રી વગેરેનો વિનામુલ્ય ઉપયોગ કરવા દેવામાં આવે છે. આમ, તબીબી વિધાર્થીઓ સરકારી કોલેજોમાં લગભગ મફત શિક્ષણ મેળવે છે. અને રાજય સરકાર એક તબીબ તૈયાર કરેલ કરોડો વિધાર્થી સંસ્થા છોડી અન્ય સંસ્થામાં ચાલ્યા જાય છે અથવા પોતાની ખાનગી પ્રેકિટસમાં લાગી જાય છે. આમ સરકારના ભારે રોકાણ સામે બોન્ડની રકમ નહિવત્ હોવાથી વિધાર્થીઓ/તબીબો આસાનીથી ભરીને સરકારની અમુક સમયગાળાની ફરજિયાત સેવા કરવામાંથી મુકત થઇ જાય છે. ઘણા તબીબો આ બોન્ડની રકમ ભરપાઇ કરવા પણ રોકાતા નથી. પરિણામરૂપે બોન્ડની વસુલાત કરવા માટે એક વસુલાત તંત્ર ઉભુ કરવામાં આવેલ છે. વસુલાત કરવી કે ન કરવી તે મહત્વની બાબત નથી પણ પરિણામ તબીબોની જગ્યાઓ ખાલી રહેવા પામે છે. જેને લીધે છેવટે દર્દીઓના હિતને અસર થાય છે. આમ બનતુ અટકાવવા માટે બોન્ડની રકમ વધારવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

ઉપર જણાવેલ સંજોગોને ધ્યાને લેતા વર્તમાન સમયમાં બોન્ડની રકમ રૂા. એક લાખ પચાસ હજાર ખુબ નાની હોવાથી તબીબી વિધાર્થીઓ ભરીને જતા રહે છે. રાજય સરકાર મોટા પ્રમાણમાં તબીબી શિક્ષણ પાછળ કરોડો રૂપિયાનું રોકાણ કરે છે. તેમજ તબીબી વિધાર્થીઓને નજીવા દરે શિક્ષણ પુરુ પાડે છે. તેના બદલામાં તબીબી વિધાર્થી માત્ર ત્રણ વર્ષ માટે દર્દીઓના હિતમાં સરકારી સેવા કરે તેવી રાજય સરકાર વિધાર્થીઓ પાસે એક નાની અપેક્ષા રાખે છે.

ઉપરની વિગતો ધ્યાને લેતા વિભાગના તા. ૧૮/૫/૨૦૦૭ના ઠરાવક્રમાંકઃ એમસીજી/૧૦૦૭/ ૧૪૧/જ થી બોન્ડની રકમ રૂ. રૂા. એક લાખ પચાસ હજાર લેવાનું નકકી થયેલ છે. તેમાં ફેરફાર કરીને નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે :

ઠરાવ :

આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાંના અંતે નીચે જણાવ્યા મુજબ ગ્રામીણ સેવાઓ લેવા અને તે માટે સુધારેલ

(૧) એમ.બી.એસ/બી.ડી.એસ/બી.પી.ટી ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓ પાસેથી તેઓ અ પૂર્ણ કરે તે પછી રાજય સરકારની ઓછામાં ઓછી ત્રણ વર્ષની ગ્રામ્ય સેવાઓ કરવાની બાંહેધરીરૂપે રૂા.૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ)ના બોન્ડ આપવાનું રહેશે. જે માટે બેન્કની ગેરંટી અથવા મિલકતની ગેરંટી આપવાની રહેશે.

(૨) તે જ રીતે અનુસ્નાતક ડીગ્રી અને ડીપ્લોમાં અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી રાજય સરકારની ઓછામાં ઓછી ત્રણ વર્ષની ગ્રામ્ય સેવા કરવાની બાંહેધરીરૂપે રૂા.૧૦,૦૦,૦૦૦=૦૦(રૂપિયા દશ લાખ)ના બોન્ડ આપવાના રહેશે. જે માટે બેન્કની ગેરંટી અથવા મિલકત ની ગેરંટી આપવાની રહેશે.

(૩) ઉપર જણાવ્યા પ્રમાણેના બોન્ડ માટે સંબંધિત વિધાર્થીઓ બેંક ગેરંટી તરીકે કોઇ પણ રાષ્ટ્રીયકૃત બેંકની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂા.૪૦ કરોડ (રૂપિયા ચાલીસ કરોડ)થી વધુ ડિપોઝીટ ધરાવતી રાજયની કોઇપણ શીડયુઅલ બેન્કોની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂા.૪૦ કરોડ(રૂપિયા ચાલીસ કરોડ)થી વધુ ડિપોઝીટ ધરાવતી રાજયની કોઇપણ નાગરીક સહકારી બેંકની ગેરંટી વિધાર્થીઓ આપી શકશે. ઉક્ત બેંક ગેરંટી નો વેલીડીટી પિરીયડ ત્રણ વર્ષનો રહેશે. તેમજ, જરૂર જણાય તેમ તેની વેલીડીટી લંબાવવામાં આવશે.

(૪) સ્નાતક કક્ષા (યુ.જી.) માટે રૂા.૭,૦૦,૦૦૦=૦૦ (રૂપિયા સાત લાખ)થી વધુની કિંમત ધરાવતી મિલકતની ગેરંટી તથા અનુસ્નાતક કક્ષા (પી.જી.) માટે રૂા.૧૨,૦૦,૦૦૦=૦૦(રૂપિયા બાર લાખ)થી વધુની કિંમત ધરાવતી મિલકતની ગેરંટી આપવાની રહેશે.

(૫) અનુસ્નાતક કક્ષા (પી.જી.)માં પ્રવેશ મેળવનારને વધારે ત્રણ વર્ષ- સ્નાતક કક્ષા (યુ.જી.) માટેનું બોન્ડ લંબાવવાનું રહેશે. તેમજ અનુસ્નાતક કક્ષા (પી.જી.) માટે નકકી થયા મુજબનું નવું બોન્ડ પણ આપવાનું રહેશે.

(૬) કેન્દ્ર સરકાર માટે અનામત એવી ૧૫% ઓલ ઇંડીયા ક્વોટાની જગ્યાઓ પર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉપર્યુક્ત નિયમો લાગુ પડશે નહી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. સી. જાડેજા)
સેકશન અધિકારી
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(આ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમીશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, સીવીલ હોસ્પીટલ, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રી, રાજ્યની સર્વે યુનિવર્સિટીઓ.
- ડીનશ્રી, રાજ્યની સર્વે સરકારી મેડીકલ કોલેજો.
- રજીસ્ટ્રારશ્રી, રાજ્યની સર્વે યુનીવર્સીટીઓ.
- એકાઉંટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- વિભાગની વ, ત, થ, છ તથા ચ શાખાઓ.
- શાખા સીલેક્ટ ફાઇલ.